સરકારી પ્રાથમિક નિશાળોના ઉપયોગ માટે મંજુર

દેલવાડાકર સિરિઝ

બાળ-ગ્રંથાવળી નં. ૦-૧૦

બાળ-બાગ.

ભાગ-બીજો.

સુધારેલી સંગીત-આવૃત્તિ બીજી

વિ. સં. ૧૯૬૮ ઈ. સ. ૧૯૧૨

રચનાર
ગોપાળજી ક. દેલવાડાકર.

મુંબઈ:
જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ, (બેલાર્ડ હાઉસ, મેંગલોર સ્ટ્રીટ કોટ.)
મધે માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે.

સરકારી પ્રાથમિક નિશાળોના ઉપયોગ માટે મંજુર

દલવાડાકર સિરિઝ

બાળ-ગ્રંથાવળી નં૦-૧૦

બાળ-બાગ.

ભાગ-બીજો.

સુધારેલી સંગીત-આવૃત્તિ બીજી

વિ. સં. ૧૯૬૮ ઇ. સ. ૧૯૧૨

રચનાર
ગોપાળજી ક. દેલવાડાકર.

મુંબઈ:
જામે જમશેદ પ્રીંટીંગ વર્કસ, (બેલારડ હાઉસ, મેંગલોર સ્ટ્રીટ કોટ.)
મધ્યે માણેકજી નવરોજી પ્રીંટરે છાપ્યું છે.

હરિગીત છંદ.

સંગીતનાં સાહિત્યનું જો બાળ-બીજ ન વાવીએ,
સંસારનાં મન-સુખનું ફળ કહોને ક્યાંથી ચાખીએ;
વાવી પતંગ પછી કહોનાં કસુંબ ક્યાંથી ઉગાડીએ
રોપી ગુલાબ નવાબ નિશ્ચળ રાજ-ગાદી થાપીએ?

શિખરિણી.

હશે જે કો રાગી, મધુર સુરની ધૂન સમજે,
હશે જે કો ગુણી, ગુણિજન તણા ગુણ પરખે;
હશે જે કો પ્રેમી, રસિક રસનું પાન કરશે,
ન જાણે તે બ્હેરા, સરગમપ તંબૂર ગરજે!

પ્રસ્તાવના.

ક્રીન્ડરગાર્ટન શિક્ષણમાં સંગીતને મુખ્યપદ આપવામાં આવ્યું છે. બાળશાસ્ત્રીઓ કહે છે કે જ્યાં સુધી બાળકોને રાગી બનાવનારા શિક્ષકો પ્રગટ થશે નહિ, ત્યાં સુધી રમત ગમતની ફૂલવાડીમાં જ્ઞાન-સુગંધી ફેલાશે નહિ; માનસિક શકિતઓનુ મૂળ સંગીત છે. મન-સ્થિતીને માર્ગ આપવાનું સાધન, વસ્તુપદાર્થદ્વારા નીતિની કેળવણી છે, ને તે કેળવણીનું પડ તે સંગીત છે; કહો કે તેનો શૃંગાર સંગીત છે. બાળવયથીજ બાળ-તંતુઓની પુષ્ટી માટે સંગીતનો ખોરાક તેને અનુ-કૂલ થએલો છે. સ્વર્ગસ્થ રાવસાહેબ માધવલાલે, પ્રાથમિક કેળવણી કોન્ફરન્સના, અમદાવાદ ખાતે થએલા છેલ્લા મેળાવડા પ્રસંગે સભા જનોને સુચવ્યું છે કે, નાનાં બાળકો, હાલરડામાંથીજ સંગીત શીખે છે. વૃધ્ધાવયના નબળા તંતુઓને અવશાનકાળે પણ સંગીત રક્ષણ કરી શકે છે! જ્યાં સંગીતની ધૂન સંભળાતી નથી, ત્યાં મનવાડી શૂન્ય છે. પંખીઓને પણ ગીત વ્હાલું છે. બાળકોને ઘરમાં તેમજ નિશાળોમાં બાળ-ગીતની જરૂર છે, ને તેથીજ સરકારી પ્રાથમિક શાળાઓનાં નવાં ધોરણોમાં '**બાળ-ગીત**' દાખલ કરીને એજ નામનું પુસ્તક '**ટેક્સ્ટ-બુક**' તરીકે મંજુર કરયું છે. નાનાં બાળકોને માટે આ ગ્રંથાવળી નંબર ૧૭ મો જ્યારે પસંદ કરવામાં આવ્યો છે, ત્યારે ચડતા વરગનાં બાળકો માટે '**બાળ-બાગ-ભાગ.** ૧-૨ મંજુર કરવામાં આવ્યા છે.

શરદ પુનમ—૧૯૫૫ મુંબઈ. **કર્તા.**

બીજી–આવૃત્તિ—પ્રસ્તાવના.

કિન્ડર ગાર્ટન ભાગ–૧–૨–૩ છંદોબધ કવિતામાં રચવામાં આવ્યા છે, ત્યારે આ બાળ બાગ ભાગ–૧–૨–દેશી સંગીતની મધુર રાગ–રાગણીયોની સંમિશ્ર સરગમ ઉપર રચવામાં આવ્યા છે. કવિતામય ભાગો, સ્હેલા છંદોથી છેક ચડતા પ્રકારના છંદોમાં ગોઠવ્યા છે, તેમ સંગીતમય ભાગો, સ્હેલા રાગોથી ચડતા કઠણ રાગોમાં સંપૂર્ણ થયા છે. કવિતામય પુસ્તકો, સ્હેલા વિષયથી કઠણ વિષયોપર ગયાં છે, તેમજ સંગીતમય ભાગો ત્યાં જઇ બેઠા છે. કવિતાઓમાંથી પદાર્થ શિક્ષણ સાથે સૃષ્ટિની રચના દ્વારા નીતિ-જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે સંગીતમય ગ્રંથોમાં સંસાર વ્યવહારિક પદાર્થદ્વારા મનની કેળવણી મળી શકે છે. આ રામ-લક્ષમણની ઉભય જોડીનો નાદ, તેના બાળ ભકતોને બહુ રૂચિકર થઇ પડયો છે. એજ કર્તાના ક્ષુલ્લક વા ભગીરથ પ્રયત્નનું સાર્થક થયું છે.

આ નવીન આવૃત્તિમાં ઉત્તમ પ્રતિનો સુધારો વધારો કરવામાં આવ્યો છે, અને દશ વર્ષના પ્રત્યક્ષ અનુભવ પછી તેના ક્રમનો વિસ્તાર ગોઠવવામાં આવ્યો છે. સંગીતનાં સાહિત્યને જયારે કુદરતના પદાર્થો જોડે સંકેલવામાં આવશે, ત્યારેજ લજ્જાસ્પદ રસ–ભાવનાનાં ગાયનનો નાશ થશે, ને આર્ય સંસાર પ્રકાશ માન થઇને હિન્દ–માતાને ભાગ્યવંત બનાવશે.

કિન્ડર ગાર્ટન સ્ટોલ
ગિરગામ બેકરોડ,
મુંબઇ તા૦–૩–૬–૧૨.

કર્તા.

સરકારી કેળવણી ખાતાં તરફથી મંજુર થએલું

દેલવાડાકર 'સિરિઝ.'

(બાળ-ગ્રંથાવળી નં૦ ૧૦)

બાળ-બાગ.

ભાગ બીજો.

આવૃતિ-બીજી.

જગકર્ત્તા.*

યમન-કલ્યાણ-ધ્રુપદ.

તું છે એક સરજનાર, ગગન ભૂમિ ને પાતાળ;
સૂરજ ચંદ્ર તેજદાર—અધર સહુ ચલાવ તુજ—તું
પવન શિતળ પાણી ધાર, સકળને બતાવી વાટ;
તરૂવર પશુ પંખી જાત, અવર બહુ બનાવ તુજ—તું
અન્ન લીલોતરી અપાર, જન પ્રાણીનો આધાર;
અન્ય તારા બહુ આભાર—અજબ રબ ઉઠાવ તુજ—તું

* જગતની રચના વિષે.

જગધરનું ગાન.

જગનાથ! તું કરૂણા કરી, સદા સુખી કરજે;—
કુમતિ હરજે, સુમતિ ભરજે;
વિનતી એ નાથ તું દીલપર નીત ધરજે—ટેક.
નેક ભલી રીત, ટેક ધરી નિત
નિર્મળ નિજ ચિત્ત તું કરજે;
રખ રસનાં રસ ભરજે—જગનાથ.
જેને જેનો આશરો, તેને તેની લાજ;
અમ બાળ તુજ શરણુમાં, નમીયે જોડીકર આજ—જગનાથ

બાળ-વિનતી.

(મેં ભયનો છોડયો ભાસ)—રાગ.

કરૂણા કરજે કિરતાર, કરીએં કરમ સુખકારાં;
તરીયે સ્હેજે ભવપાર, ધરીયે ધરમ તન પ્યારાં—ટેક.
હરદમ તારૂં નામ ઉચ્ચરીયે,
નેક ચલણથી હરીયે ફરીયે;
દુનિયામાં, સતપંથે બીક શામાં?—
ધરીયે સુઘડ સંસારરે—કરૂણા.
નીતિ વચન કદીયે ન વિસરીયે,
સદગુણના ભંડારો ભરિયે;
નીત ડરીયે, સુખવાસે ચિત્ત ધરીયે;
રક્ષે પરવર હરવાર રે—કરૂણા.

કિરતાર.

સારંગ—(દાવર દાદાર)—રાગ.

જય જગ કિરતાર, તું દીન દાતાર ભૂપાળ આ...ધાર,
ઉદ્ધાર કરનાર સંસાર, છો તારક ભવ સાગરનો નટવર
નાગર તું ! ટેક૦
મનમંદિરમાં તારી, સુંદર મૂર્તિ પ્યારી; મોહનકારી—
મલીન મતી અમારી, પ્રભુ ભરમ કરમવાળી; મન
સુધારી દે...નિર્મળ નિત-ગિરિધારી—જય

કિરતારની કળા.

કાફી-તિલાણા-(દરદર તાનુમ.)

હરદમ ધર ધ્યાન, ગુણી ગાન ગા...રે...
વા'રે વા'રે પ્યારે—
સરજનહારે આપી જયારે બુદ્ધિ ત્યારે
કાં ન ગા રે, સારે આ સંસારે—હરદમ
ચાહે પળમાં મારે, ચાહે પળમાં તારે;
માલિક સાચો તું, ખાલિક ખાસો તું;
ભૂખિયાંને દુઃખિયાંને તું પાળે પંપાળે—
પાતાળે પણ ન્યાળે સૌ કાળે;
શરણાગત હીયે તારે, સંસારે ભવપાર—
હરદમ

પંખીના માળા *

ઝિંઝોટી-જીલ્લા

મધુર સરોદ સુણાવે સુંદર તરૂવર પર પંખી,
હળમળતાં મનગમતાં સર્વે ગાય સકળ પંખી-ટેક
સાફ હવા લેતાં ડાળીપર બેસી મન હરખી,
કર્યું છાપરૂં માળાપર વરસાદ તરત પરખી;
ઠંડી વાય માટે માળા મહિં હુંફ ભરી સરખી,
ઉડી ચણે ચારો સહુ સંપે ઉદ્યોગી પંખી;
વન રમવા-સૌ ફરવા જઇએ સાથ બાળ પંખી-મધુર

વહાલું-પંખી. †

મુજને વ્હાલું રે,
બેની! સકળ પંખી જાત મહિં, નવીન સુંદર જાત અહિં;
લાવીછું તુજ સારૂ-મુજને
મધુવન-દ્રૂમ બેસી મધૂર-કરત ગાન સુંદર સૂર;
રમત ગમતવાળું—
ગાયે ગીત નીત હિત-આણી પ્રીત નિજ ચિત્ત;
કંઠ મધુરનું કવિત લાગે મને પ્યારૂં રે-મુજને

---

* 'પંખી જાત પણ તંદુરસત રહે છે' એ વિષે.

† પંખી ઉપર પ્રીત રાખવા વિષે.

રસિક કોયલડી. *

મલ્હાર ઠુમરી-(કોયલીયાં કાહેકો સતાવે?)-રાગ.

કોયલડી! ટહુકે સુણાવે,
સહેલી સુર મધુરા ઉઠાવે મધુવન;
હરખી ગજાવે, નીરખી જનને સુર અંતર છુપાવે,
જીગર જાન બહેલાવે-કોયલડી૦
કોયલડી! બોલ બોલ, મનોહર સુર ખોલ;
બેની? બતાવ સુર, શી ખયે ગાતાં મધુર;
સરસ સરસ ગા તું વા'લી બેની!-હો, કોયલડી૦

અધીરી કોયલડી. †

ઝિંઝોટી (મનહર મૂર્તિ ત્રિભુવનની)-રાગ

કોયલડી થઇ અધીરી, કાચી કેરી નીરખીને-ટેક૦
ખટાશે તો દાઢો ખોઇ, પાકી કેરી જોઇ રોઇ;
ન ખવાણી જયારે જાણી, પસ્તાણી દુઃખ પરખીને-૧
અધીરાઇનાં ફળ દીઠાં, તજાયાં નકી ફળ મીઠાં;
ધિરજથી જો રહેશે મેળવશે ફળ હરખીને-કોયલ૦

---

* સુંદર કંઠથી ગાવાની ટેવ રાખવા વિષે.
† અધીરાઇનાં કડવાં ફળ ચાખવા વિષે.

બાગનું બુલબુલ. *

કાફી તિલાણા-(તારા હાવર હાહાર)—રાગ.

બોલે બુલબુલ મધુર સુરવાળું!
છે પ્યારૂં પંખી પ્રેમની વાણીનું, માનવને સૈ પ્રાણીશું;
જગમાં જાણીતું, વનમાં લાગે ન્યારૂં ન્યારૂં (૨)-બોલે૦
મોરલા બોલતા જાણે, કોયલ ટહુકા મીઠા કરતી,
પણ તે લેતાં તાન-ભૂલું પડતું ભાન, જુદી પડતી વાણ;
ઓ બુલબુલ! તારૂં-ગાયન પ્યારૂં ન્યારૂં ન્યારૂ,
પંથી પળભર થંભી સુણતાં ગાયન પ્યારૂં;
લોભાવે મોહાવે ચાર.... ... ... બોલે૦

કોયલનાં ઈંડાં. †

પીલુ-(સજની લાવ ફૂલ થાળ ભરીને) રાગ.

ચતુર કાગડો કરે ચપલાઇ,
કોયલથી નકી જાય ઠગાઇ. ટેક૦
કોયલ ઇંડાં હરી કાગાનાં, મૂકે પોતાના મલકાઈ;
સેવે કાગો સ્નેહ ધરીને, પોતાનાં ગણીને મદમાંહી-ટેક-
બોલે જ્યારે કોયલ બચ્ચાં, જાણે ત્યારે નિજ મૂર્ખાઇ;
ચંચળને પણ છેતરનારાં, દુનિયામાં છે શેર સવાઇ-ચતુર,

* સુંદર વાણીથી જગતને આનંદ આપવા વિષે.
† 'શેર માથે સવા શેર' વિષે.

કાળી કોસી. *

પરજ-કાલિંગડો-(શુદ્ધ લાગ રહી)-રાગ.

નબળાં નીરખી ન ઠગાવું,
બળવંતાં કરતાં અતી ગાવુંરે-નબળાં
કાળીકોસી ચકલાં જેવી, તોપણ જોર જગાવ્યું
દર પંખીનાં પીંછાં ખેંચી, ઘર પોતાનું બનાવ્યું.-નબળાં

બગલો-ભગત. †

ઝિંઝોટ-(જળ ભરન જાત) રાગ.

બગલો ગુણ ગંભિર ધ્યાન, ધરે
જળનાં જીવડાં ગુણવાન ગણે-ટેક૦
પણ જ્યાં નજદીક જીવો ફરતાં,
ઝડપી મુખમાંહી ધરે ન ઠરે-૧
કપટી જન તેમ ભલા જનને,
ગુણવાન રૂપે છળભેદ કરે;
ગુણ પારખી પાડે પ્રસંગ પછી,
ન ઠગાય કદી જગમાંહિ ખરે-બગલો૦

* 'દેખાવમાં નબળાં પણ કઉવતમાં બળવંત વિષે.

† લુચ્ચા લોકો, ઉપરથી સારા ગુણનો દેખાવ કરીને ભોળાં માણસને ઠગી લહે છે, તે વિષે.

હંસનો સદગુણ. *

પરજ—કાલિંગડો.

ખરો ગુણ કોથી હરી ન શકાય!
ક્રોડ કરેજ ઉપાય— ખરો૦
હંસ ઉપર વિધી થયો વાંકો, પાણી તળાવે સુકાવે;
પણ મોતી ચરવાના ગુણને, કેમ કરીને ઉડાવે!–ખરો૦
દૂધ અને જળ મિશ્ર મહિંથી, દૂધ પીયે બસ હંસો;
ભાત પડી ભલી તન પટોળીયે, ફાટયે ન જાયે અંશો–ખરો૦

—o—

ભમરી. *

માલકંસ (દુશમન બન બન મન મોરા) રાગ.

ભમરી નિજ સ્વરૂપ બનાવા;
જીવડાં પકડેજ ફસાવા–ભમરી
પર જીવ પ્રાણી નિજ દર ઘાલી રંગરૂપ બદલાવા;
કરે પ્રયત્ન બહુ છળબળથી, જાતિ ગુણ બતલાવા–ભમરી
ઘણા ઠગારા જન જગમાંહે, ફરે સકળને ફસાવવા;
નિજ સરખા કરીને સુખ માને, ફસે મૂરખ દુઃખિ થાવા–ભમરી

—o—

* સાચા ગુણને કોઇ છેદી ન શકે, તે વિષે.

† કેટલાક આડંબર કરનારા બીજા જીવને પોતાના રૂપમાં ફેરવી નાખે છે' તે વિષે.

હંસના ટોળમાં કાગડો.*

ખમાચ-(કયસી શોભા ચંદ્રવદનકી)

કાગાજીનું મન મલકાયું ;
હંસના ટોળામાં મન છાયું .-ટેક

હંસે કાગાજીને પિછાણ્યો, ચાંચે હણાયો, અંતે ન ફાવ્યું-૧
જાત તજી પરજાત વસાવી, આખર એનું મોતજ આવ્યું-૨
ભાન ભૂલી નર જાત વગોવે, છેવટ તેણે કુળ ડુબાવ્યું-૩

કસ્તુરી મૃગ.†

ધન્યાશ્રી-(વૃથા કર્યો બાલ-)-રાગ.

મૂરખ મૃગ કંઇ કંઇ વાતે ઠગાય;
મન અથડાવે તેમ અથડાય-મૂરખ

કસ્તૂરીની સુગંધ વડે મન વનવન જઇ ભટક્યા-મૂરખ
છે પોતાની પાસ વસેલી, તોપણ નાહ સમજાય-મૂરખ
સાપ કુંટીમાં ડંસ કરે તવ, તે નિરખી પસ્તાય-મૂરખ

---

* 'પોતાની જાત તજી વટલી જનાર' વિષે.

† નજીકનો લાભ છોડી દુર જવા વિષે.

હાથી અને કીડિયો. *

જીલ્લા (યહી બહીમ પાયા)-રાગ.

રે મસ્ત હાથી? મદ ટાળ-હળવે ચાલ!
કંઇ તો નીચે તું નિહાળ-બાળ નાનાં જીવડાંને બાળ-
જો જરા નરમ થઇ હાલ-શા છે હાલ?
કીધો તુજને હદ બહાર-વડો તે હણવા નાહ જીવ ધાર!
ન્હાનાંનું પાલન કરવું, મોટાંએ ધ્યાને ધરવું;
નિજ ફરજ વિચારી ડરવું,
નહિ થાવું એમ ગમાર-જોતો ચાલ-કીધો-રે૦

મધુરી કોયલ.†

આશાવરી

રે કોકિલા! મિઠો સરોદ તું સુણાવની!
કયા રાગ-માળામાંથી ગાય છે-બતાવની! રે
સંગીત શાસ્ત્રની સુગમ, સુરાગણી શીખાવની;
રિઝાયે દીલ માહરૂં, ભલી-ભણાવની—રે
કૂદરત શાળામાં કૂદે. પંખી ગીત ગાનાર;
તીવ્ર સૂર તારો દિસે, કોયલ કંઠ કુમાર.
પંથી પંથ વિષે તપેલ તનથી, આવી ઉભા છાયડે,
લીલુડી હરિયાળી છાંઇ વનમાં આરામ લ્હે તે પળે;
તે વેળા તુજ કંઠની મધુગિરા આનંદથી સાંભળે;
થાકેલો નિજ થાક તાપ વિસરી, તાજો થઇને પળે.

---

* મોટાં માણસોએ ન્હાનાંનુ રક્ષણ કરવા વિષે.

† ગાયનથી થતી અસર વિષે.

કુદરતની લીલા.

કિરતાર તણી જગ અંદર રચના
અજબ નિહાળી આજ—
સંસાર તણી અદ્દ્ભુત રચના
કીધી છે જન જીવ કાજ—ટેક.

ઉન્હાળાના ભરચક તાપે,
ખિલી રહી વનવાડી આપે;
ગરમીનો ઉકળાટ જ કાપે,
નવપલ્લવ સુખ સાજ—કિરતાર.

શિયાળે શિતળતા હોયે,
ઝાડ—પાન ખરી જાયે તોયે;
અચરતથી જીવ—પ્રાણી જોયે,
ખેલ અકળ જગ—રાજ—કિરતાર.

ભૂલો પડેલો ભમરો. *

માંડ—(પ્રીતિના પંથનો.)

ભાન ભૂલી ભમરો ભમતો ચુસવા રસ મીઠો અપાર;
પ્રેમ કમળપર મસ્ત બની લપટાઇ ગયો હદ બહાર—ટેક;
જોઇ મીઠો રસ લોભાયો લાલચે ખીડાયું કમળ જે વાર.
ફોકટ ફાંફાં તે મારી મુવો, નીકળાયું નહિ જરા બહાર
ભાન૦

મોજ શોખમાં મસ્ત થઇ, કરે વધુ ન વિચાર;
સ્વારથમાંહે અંધ થઇ ગોથાં ખાય ગમાર.
ખાઇ શકયો નહિ, ખોયું બધું જગ—સૂખ ગયું ગુલજાર;
પ્રેમ—ભાન

બાળબાગનો માળી. †

આશાવરી

સુખે સૂતો શું ગમાર માળી ! બાળ બાગ !
અરે ઊંઘમાંથી ઉઠ ઝટ જાગ—જાગ—સુખે
ખિલી વસંત કળી મનહરણી,
ખંત રાખી કર ખાસ ખિલવણી
વીતિ જશે પછી આ ઋતુ રમણી,
વિમાસણુ થશે પછી ઉર અથાગ—સુખે;
ચિન્તા નથી જેને બાળક સુખની,
કદર નથી જેને કેળવણીની;
સારે ગરજ દર પળ દુશમનની,
વિવેકી માબાપ તેનાં ધન્ય ભાગ્ય !—સુખે

* જીંદગી સુધારવા વિષે.
† બાળકોને કેળવવા સંબંધી માબાપની ફરજ વિષે.

ચાતક ને બપૈયો.

સોરઠ—મલ્હાર

બાળક—રે ઓ બપૈયા! કાં તું પૂકારે!
જોઇ જરા ઘન ઘોર ઉચ્ચારે—રે

ચાતક—જો વરસાદ કરે જળ-વૃષ્ટિ;
જો છલકાય જળે જન સૃષ્ટિ;
તરસ ટળે તનની આ વેળા,
કંઠે પડયું કાણું ખરે મ્હારે!—રે

બાળક—કહાનરો (બલમાં રે ચુંદરવા) રાગ
ડર ના રે ચાતકવા! તને પાણી પીવાડું—
મીઠી તરસ મટાડું, તને પાણી પીવાડું—૧
જો જળ કુંડી——કેળવણીની;
ધીરે નીર પી પ્રીતે સુખનું ધામ દેખાડું—

ચાતક—ઉપકાર તારો બાળ મારી જો તું તરસ મટાડશે;
માનીશ હું આભાર મોટો, પંખિ-પીડા ટાળશે.

ઉન્હાળાનું છેલ્લું ગુલાબ. *

બોળ— લલિતછંદ

ફૂલ ગુલાબનાં? તું ખરી જશે,
નહિ ગમે મને દુઃખ તો થશે;
તુજ વિના પછી કયાં જઇ રહું,
ઉજડ બાગમાં હું નહિ ફરૂં?

---

* પરોપકારી સંબંધી કામ વિષે.

ગુલાબ— બરવો—(થયા છો રે) રાગ.

ગભરા ના કંઇ તજ મન ચિન્તા દીલમાં ન જા ડરી;
દીલમાં ન જા ડરી, અરે તું દીલમાં ન જા—ટેક૦
ખરી જઇશ હું ખરી વાત પણ રૂતુમાં ફરી જન્માય,
ખરી પડવું, ફરી વધવું, મઘમઘવું, વન જગવું;
પછી મોસમ ઉતરતાં વળી મરવું ચકરી ફરી ફરી—
ગભરા

છોકરી—

તને ના જોઉં રે—મને ગોઠે ન બાગે ગુલાબ!
આજે રીઝાવે તું કાલે રડાવે,
દેખાડે લેખાડે ખ્વાબ——તને૦
રૂતુમાં રમાડી મ્હાલ, કરૂતે કરી દે કાળ;
એવા ગમે ના એ ઢંગ,
તરસાવે! ટળવળાવે! ભરમાવે! કરમાવે! કાં ન આવે!
ખીલાવે રંગ— તને
ગુલાબ—જગત પતંગરૂપ—આવે જાય પાણી કુપ;
નવા નવા જો તું ઢંગ—
પ્રિય બેની, તું શેની! ગભરાયે મન કેની!
ધિરજ તું ધરની—ઉમંગ—તને

---

* છોકરી, ગુલાબનાં ફુલના વીયોગ માટે દીલગીરી જાહેર કરે છે, ત્યારે ગુલાબ કહે છે કે-રૂતુ આવતાં હું પાછું તને મળીશ, મતલબ કે જનમવું ને મરવું એ સરવે માટે સરજેલુંજ છે. તે વિષે.

બાળબાગનાં ફૂલો.

આશાવરી (પ્યારા ભાઇ વધાવુંરે) રાગ.

અમે સૌ બાગ વિષે જન્મ્યાં!
સહુજન મનમાં ગમ્યાં, તનમાં રમ્યાં, વનમાં
ભમ્યાં-બાગ૦

પવન લ્હેરથી, ઝુલ્યાં ફૂલ્યાં ખુલ્યાં ખંતથી;
રમત ગમતમાં-સરસ લપટમાં;
ભલાં નાનાં બાળકો આવ્યાં, ટોપલી લાવ્યાં
ચુંટીને ભર્યાં-બાગ

આશાવરી (મધુર સુર કયાંથી)-રાગ.

બધાં લ્હે ઉમંગથી અમને—
ખરૂં કહીએ તમને-બધાં

વ્હાલદાનીમાં અમને મૂકી મીઠી નજરથી જોય;
મન પ્રફુલ્લિત થાય સૌનાં, ગરીબ તવંગર કોય—
સુગંધી, કરે અલગ ગમને બધાં

---

* મનની ખીલવણી વિષે.

બાગ—બાળ.*

કાફી-(એ પાહુની હીન આર્ય જનનીલા) રાગ.

જો સુંદર કેવી ખિલી ફૂલવાડી.
હરિયાળી વનવાડી જગમાળી
ખીલવે ન્યારી ન્યારી સારી સારી-જો૦

નવરંગી ફૂલ કળિયો ડાલે
સુંદર મનહર ડાળી ડાળી;
લપટ પવનથી ખીલતી વળતી,
પમરાટે હદવાળી-જો૦

ભમર કરે ગુંજાવર કમળે,
ગુલપર બુલબુલની બલિહારી;
સુક મેનાં કોયલ સૌ પંખી,
ગુણ ગાયે ગિરીધારી-જો૦

* ફુલવાડીની રચના.

ગુલાબ. *

આશાવરી.

મળી સૌ બાળકો સંગે, લેહા ફૂલવાસ ઉછરંગે;
ખિલ્યાં છે ફૂલ સરસ રંગે, ઝુલે છે જો અજબ ઢંગે—ટેક.
ખિલેલું જો ગુલાબી ગુલ, ખવાસે પાદશાહી ફૂલ;
ભપકતું ઝુલતું અણમૂલ, સુગંધે ડોલતું સંગે—મળી.
ખિલ્યું ઉપવન શું? સરસ આ ખિલ્યું ઉપવન શું?
કાંટાની ડાળીપર ઝુલતું;
આતસ રંગે સરસ મન ગમતું—ખિલ્યું.
પવન સુગંધી થકી પમરતું, મનોહર શિતળ આંખે ઠરતું,
બદબો કાપી ગુલ તું? હસતું, કરતું ખુશ મન તું.
મધુકરથી પ્રીત નિત ચિત્ત ધરતું,
રસિક લપટ દેતું ઘટઘટ તું—ખિલ્યું.

* કુળવાન માણસ, મરતાં સુધી મોટાઇ રાખે છે, તે વિષે.

બાળકોનો આનંદ.

(ગમતાં ગીતડાં ગા.)—રાગ.

રમતાં મન હરખા—એ ચાલો
હળીમળી સાથ—
ધરીએં સુંદર હાથ, કરીએં સૌ
સંપે સાથ—
કુદરતના ગુણ ગાઇ અથાગ,
નવરસ સંગીત રંગીન રાગ—રમતાં
બાળક પર કુદરતની મહેર;
કરીએં રાત—દિવસ સૌ લ્હેર—રમતાં.

ખિલતી કળીયો.

જીલ્લા

એ.........ખિલતી કળીઓ—
વન મધુર છોડપર હસતી રમતી—
મનહરણી, સુખકરણી, રસભરણી,
હળી—મળી જો—
કુદરતને વ્હાલી હરિયાળી,
લેતી—દેતી હસતી તાળી;
કરતી યાદ હરપળ જગમાળી,
ભરતી ગંધ રસપ્રદ સુખકારી.
રમતી રાસ સહુ સખી મળી જો—.....ખિલતી.

ફૂલ ચુંટતી બાળા.? *

સારંગ–(કલિયાં ચટકે નઈનઈ) રાગ.

મધુરી સુંદર ખિલતી, ખીલિયો ગુલાબ ચંપક વેલ–ટેક
હરખ ધરી હરખાવે માળી–
વારી સીંચી વેલીપેલી કળીને;
બહેલાવે ખુશ કરીને–ઉછરાવે જળ ભરીને,
પળપળ મનહર–વિવેકી ઝુલકી, સુગંધ હરતી,
ગુલાબ ચુંટતી–**મધુરી.**

ખિલતી કળી.

આશાવરી–ટપ્પો.

જોની ફૂલ ખીલે છે!
પમરે છે વાયુએ મનહર વેલ,—–ટેક.
બાગ માંહિ જોની–નવરંગ ફૂલો;
માળી ખિલાવે તનમન અરપીને.
વાયુએ મનહર વેલ–**જોની.**

* બાળકોને ઉછેરવા વિષે.

ફૂલવાળી.

બિહાગ—ઠુમરી (ચલી ઠુમક)

ચાલી લટક મટક ફૂલવાળી પ્યારી!
ભરી મધુર સુંદર ફૂલદાની સારી;
કેવી રસીલી રંગીલી ખિલી કળિઓ હજારો—ટેક.
ગુલાબ ચંપો ને ચંપેલી;
જાઇ જુઇ કેતકી ખિલેલી;
લલિત લપટ ભરી ખરી ખુશકારી—ચાલી
બાળબાગની નિત નવી કળિયો;
દેશ દેશની સુગંધી ભરી તો;
અજબ અકળ આ સકળ સુખકારી. ચાલી

ઇશ્વર—સ્તુતિ.

કાલિંગડો ભેરવ. (હમકો તો મનસુખ) રાગ

હર નાથ! હરનીશ,
તને નમું જગ દાતા!—
હરો પાપ—હરિ આપ—હર
કીર્તિ તારી નિત ગીતે ગાઇએ;
મન રાગ ને તન પાક તું પ્રીતે કર
નમું નાથ—જોડી હાથ—હર

વસંત લીલા.

કાફી—ગત.

ડોલે વસંત હિંડોળે—
ઝુલાવે વન સુંદરિઓ હેતે હિંચોળે;
મપ ધની સારે સાની ધપ મગરે—**ડોલે**
લીલુડી હરિયાળી છાઇ, સાડી ધરી શણગારી;
રંગે બેરંગી રાગણી સાથે, કોયલડી ટહુકારી-
જો બોલ!—**ડોલે.**
સારેગમ પમગરે મગરેસા.
સારે ગમ પમ નીધ—ની ધપ મગરેસા
સારે ગમ પમરેગસા—
સારે ગમ પધ નીસા—સાની ધમ મગરેસા—**સારે.**
પપ પધનીસા—હાં હાં—(૨)
ગરે મગરે સા નીસા—ની ધપ મગરેસા.
સારેગ રેગમ ગમપ મપધ પધની ધનીસા.
નીધપ મગરેસા—
ગરેસાસા—રેસાનીની—સાની ધધ—
નીધપપ ધપમમ પમગગ મગરેરે
ગરેસા—**સારે**... ..

વસંતનો બહાર.

ભેરવી—(સનનન મોહે) રાગ.

રંગ રંગી ફૂલો ઝૂલાઇ જો જાય;
ખેતરોની વાડો પર વેલા વિંટલાયે—રંગ
કોઈ તો બેઠાં જાણે નમાવી શીરને ગાયે પ્રભુનાં
મધુરવાં ગાન;
કોઇ તો બેઠાં જાણે બસ ધ્યાન ધરતાં, આ જુઓ
જુઓ કૌતક આ થાય—રંગ

ભેરવી ઠુમરી--(મેંતો સેજરીયાપે)—રાગ

ઋત થઇ વસંતની પૂરીરે
થઇ પૂરીરે, ન અધુરીરે—ઋત.
આજ ઉન્હાળો આવ્યો ખરે છે;
કળી ઝાડોની ખિલીરે—ઋત.
કળી કળીપર મોર છે, દિસે દિશા ભરપૂર;
ઘટા ઘણીજ છવાઈ ત્યાં અગન થઇ છે દૂર. ઋત

કુદરતનો બહાર.

કાનડા–તિલાણા–(સનનનનન વરસે)–રાગ.

મનહર તરૂવરપર ગાયે ગાન—
સુંદર પ્રિય હલકે—
મધુર કોયલ પોપટ પંખી—હરખી પલભર–**મનહર૦**
રસિક ગાન મન મોહ પમાડે, ઉદાસ મનને
અજબ રમાડે;
સાની સાની સા–નીધ નીધપ, ધપ
ધપમ, પમ પગમ.
મગ મગરે—સાની ધપ મગરેસા
સારેસા—સારેગસા સાની ધપ મગરેસા
બુલ બુલ બોલે મધુર મુખથી હરતાં ફરતાં
રમતાં જાય, હરખતાં ન્હાય, સરોવર
જળથળમાં, હળમળતાં, કલબલતાં
કુદરત બહાર અચરત સમાન—મનહર

વનલીલા.

મલ્હાર—ઠુમરી.

*ઝુકે ઝુકે ઘટા ઘટ વનમાં
બુલબુલ ભૂલી કરે કઠોર શોર-વિસરી ભોર;
લટક લટક કૂદે જળ થલ—ઝુકે૦
ચકોર મોર કોયલડી ટહુકે,
વન વન મધુરી-પ્રિય હલકે;
સુંદર હરણાં સિંહ શિયાળ ભમે
વન વન પળ પળ— ઝુકે૦

વર્ષા ઋતુ.

કહાનડો-તિલાણો (નાદાર દર દીમ દીમ)

વરસે ઘન રૂમ ઝૂમ, ઝુમઝુમ સનનનન
ગરજે વાદળ ભરપૂર-જામની અંધારી જામી—ટેક૦
ગાજે ધૂમ ગાજે ધુમ, ધનનનનનનન
ઉડે પવન ફૂંકે સનનનનનનન
ચમકતી દમકતી દામની દમકે;
બોલે જો બપૈયાં——
કરી ટહુકા તરફડતા, ટલવળતાં;
પંખી તનમન ધ્રુજે જો વન વન
પર્વતનાં ઝરે ઝરણાં ખળખળતાં......વરસે

વરસાદ

કહાનડો (ગુનભરી ધુન મોરી સુન)

સનનન મેહુલા વરસે—
બને ઘનઘોર ગગન વાદળથી
ચડી ચડી ઘનનન ગરજે—સનનન
દામની દમકે—ચકોર ચમકે,
ટહુકે મોર રહી ઠમકે;
ઝાડે પંખીઓ ઠંડથી થડકે,
તરસે બપૈયા તરસે—સનનન

કુદરતનો ભેદ.

ખમાચ—ઠુમરી (પનઘટપર દીઠી)

કુદરત મેં તો દીઠી તરેહવાર—**સખીરી**
વન વગડામાં વસતાં પ્રાણી,
કરતાં દીઠાં હુન્નર હજાર;—
કરોળિયો મધમાખી કોશેટો,
હીર મીણ મધ હુન્નર ન્યાળ—**કુદરત**

સૂરજનું કિરણ.*

દેશ.

મારી બારીએથી જોઇ મેં મજા,
મજા રે ભલીભાત ત્યાંથી જોઉં;
સૂરજ ચંદ્ર ને તારા—**મારી૦**
કિરણો સૂરજ આવે–ઉજાસ લાવે,
તેથી ઘર શોભતું સારૂં–સારૂં રે ભલી–**મારી૦**

ગોડ સારંગ.

મન મારૂં મલકાયે વાયે,
જોઉં જોઉં બારીમાં ... ...—**મન**
ખિલી સુશોભિત ચંદની રાતે–અજવાળું આવે–**મન૦**
ખુશ મન શિતળતાયે થાયે–ખરી હવા તાજી અહીં વાયે,
ગુણ સૌ બારીમાંયે **મન૦**

* ઘરમાં સાફ હવા અને સુરજનો તડકો લેવા વિષે.

આથમતો સૂરજ.

આશાવરી.

સુંદર સમી સાંજ સોહાયે, સુખકારી.
રવિમંદ કીરણુનીમાંયે, હરિયાળી ;
પર્વતપર છાંટ છવાયે, ખુશકારી.
નમતો રમતો દીનકર જાયે, પ્રભાતમાં મળવા હરખાયે
અમન! ચમન!

કલહંસ તળાવ કિનારો, તજી જાયે,
જઈ કુંજ વિષે ચરે ચારો, સુખદાયે ;
ચમકે પિંછાનો ભારે કરણાંયે.
રંગે રાતો મદમાં માતો—ચીરમજી રંગે બહુ સોહાયે.
સુર્ય કિરણ દોડે, જવાને—સૂર્ય૦
રક્ષણ કરીને માલ પાકનું ;
સરદી અદકી સઘળી તોડે—સૂર્ય૦
પંખી ચારો લઈ ઘર પળતાં, ઝાલરના સુંદર રવ ભળતા.
ગાયો વાછરડાંને મળતાં, આનંદે બોલે—
પવન મધુરો વાય ધીમેથી.
ગગને ચમકે તારા જોડે—સૂર્ય૦

સૂરજનાં કિરણ! †

કાલિંગડો-ગજલ.

જગતને ઉપયોગી થાવા, કામ સારૂં આદરૂં છું;
કાીને અંધારૂં આપું, રોશની ભલિભાતે જો હું! ટેક.
ગરમીનો ગુણ મારો પણ, અગ્નિ થકી તો નિરાળો શું છું;
બહુ જીવો પેદા કરૂં, ઝેરી કીડાને મારૂં છું હું-જગત
સરદીને ટાળી દઉં, ગરમી ખરી પેદા કરૂં છું;
ઝાડ-પાન-ફુલો, ફળો, નીપજાવવા બળવંત હું છું-જગત
ભરતી ઓટ બતાવું સિંધુ, ધાન્યને જોમ આપું છું હું;
પૃથ્વીની ધરીયે ફરીને ફર્જ રોજ બજાવું છું હું!-જગત

સવાર.

ભેરવી-(જાગો અલબેલી) રાગ.

જાગી દુનિયાં સૌ બહુરંગી વિચરી રાત સારી,
મરઘો બોલે કુદે કાગ, કરી કા કા ડાળી-ટેક૦
નાસે ચોર, ચાલે શોર, ઉઠે લોક ઊંઘ વિસારી,
સુરજ કિરણ ફેંકતો, ડુબે તારા તેજ તો;
છોડે બાળક સેજ તો, ઉડે પંખી વેગ તો.
પવન લ્હેકી, અખંડ મ્હેકે, ખિલતી કળિયો સુગંધવાળી;
મરઘો-જાગી૦

† કુદરતે જે વસ્તુ કરી છે, તેનો ઉપયોગ સમજાવા વિષે.

ચંદની!

ખમાચ ઠુમરી.

સુરત શશિ શોભિત આ રજની? જામી
રંગિત ચંદનીની ટેક૦
રૂપેરી રંગમાં રેલી, જગ જગ ફેલી રે,
ઝળહળ જ્યોત પ્રકાશિત પૂરી;
પ્રભુના ગુણ ગા સજની-સુરત૦
સહુ આનંદમાં મ્હાલે, દુઃખને વિસારે રે;
આળ પંપાળ તજી રમ બ્હેની.
સુખ ચંદનીનું સજની-સુરત૦

નદીમાં મીઠાં પાણી *

ધન્યાશ્રી.

મીઠાં પાણી પાઉં-નદીનાં-
ખળખળ વહેતાં, લહેરો લેતાં-મીઠાં૦
મેલ ધુવે કચરો કોઇ નાખે, તોપણ હું હરખાઉં!-નદીનાં
સારૂં કહે, નરસું કોઇ બોલે, મોટમની થઇ જાઉં!-નદીનાં

* ભલાં માણસો, જગતનું ભલું કરતી વખતે, પર નીંદાની કે કીરતી મેળવવાની કશી દરકાર કરતાં નથી, એ વિષે.

આંબાડાળી, *

પીલુ (દીલદારકે દરસવા)—રાગ.

ગુલજાર આંબો નમતો નીચે ઝોકા ખાતો જાય
રે ઝુકેલો ઝુલેલો જો રે—નીચે—ટેક
ઘટાદાર છાંયાવાળો, રસીલો મીઠાં ફળવાળો;
જન્ન-પંખિડાને આપે આંબા-કેરી રાજી થાય-ગુલજાર
તેમ રૂડી કેળવણીની, છટાદાર છાયા જેની;
નમે ધીમે ધીમે આંબાડાળી પેઠે જગતમાંય-ગુલજાર

—⟡—

દરિઆના મોઝા. *

બિહાગ (હિરાં લાવન દે રે) રાગ.

ભરવાને સાગર પાણી,
ચાલી સખી સરવે શાણી-ભર૦
ઉંચા નીચા સિંધુ તરંગો સહન કરતાં જાણી;
સુખ દુઃખનો મોજો સેવે મીન-સર્વે સમજી જ્ઞાની ભર૦

—⟡—

* સારી વસ્તુ સુગંધ ને મીઠાશ આપીને નમતી રહે છે એ વિષે.

*—સુખ દુઃખ સંબંધી.

દરિઆની લ્હેરો. *

પીલુ-(વાદળ ફાટવા) રાગ.

સાગરનાં જળ રંગ તરંગે,
ચંદ્ર કિરણ ચમકે મળી સંગે-ટેક૦
મિત્ર નિહાળી કુદે મલકાયે, સિંધુ તરંગે ઉડી છલકાયે-૧
જેમ કુમુદિની પ્રફુલ્લિત થાયે, પ્રેમી ચકોર પ્રીતે હરખાયે-૨
એક બીજાનાં મન સ્નેહ સુધારે, તેમ ઉભયનાં મન તલપાયે.૩

દરિઆમાં ડોલતું વહાણ. *

સોરઠ મલ્હાર.

ભર દરિયે ભલું વહાણ જો ડોલે,
પૂર પવનમાં એકજ જોરે-ભર૦
ખડક પરે અથડે પલવારે-તેમ તોફાન વધે ભય જોડે-૧
શુન્ય દિશાથી સૂઝે નહિ બારે, આફતે ઉગરે ધિરજ વોર્યે-૨

* સાચી પ્રીતી વિષે.
* ધિરજથી કામ કરવા વિષે.

કેળવણીનું રત્ન.*

માંડ–(મારા તનમાં મનમાં) રાગ

આખા જગની રગમાં ભરી છે ઠરી છે
કેળવણી જગ જયોતી—
મેળવણી કરી તનની મનની
દીપે દીવો જેમ મોતી—**આખા**

સંસારની રૂડી શીખ જો ધાત;
શોભે મન–સર ઘાટ,
કેળવણી દીવે લઇશ હું શોધી;
મનનું **મંગળ મોતી**—**આખા**

---

* **સાંચા મોતીની શોધ વિષે.**

મન—કુળી. *

ભૈરવી—ગત.

ખિલતી......
કુળી સુમન મધુરી, રસભરી, ગુલછડી,
તન ઠરી મનહરણી—**ખિલતી**
આ શિક્ષણનો માળી તને કેળવશે હરખાવી;
જળ રેડી, મન ખેડી, બળ વેરી—
નવી રૂઢીની શિક્ષણ શાળા;
નીરખી જો બાળા—
જેમ ધરતી, નીર ભરતી, તન ઠરતી, આન ફળતી
દુ:ખ હરવી, નિજ બળથી—
નવી કેળવણી પેસ્ટોલોઝીની;
ખરી ખિલવણી પૂરી ફ્રૉબલની—
તનની—મનની—
જનની સઘળી શક્તિ ખિલવી
ચમકી રોશની—કેલવણીની—**ખિલતી**

* મનની ખિલવણી વિશે.

સુખી—મન. *

ભૈરવી-ઠુમરી (અજી તોરે દામનવા) રાગ.

સુખી મન શું કરવા દુઃખિ દિલે થાય?
અજબ ખુબી એ રબની કદી ન કળાય—સુખી
પર મહેલ જોઇ, મન લલચાયેરે;
ઝુપંડી તોડી ન નખાય—સુખી
હાલત નબળી હોય પણ, મન મોટું જો રાખ:
સુખ સદા સંસારનું નિરમળ જળથી ચાખ—
નીચાઇ ઉપરથી નકી ઉંચાઇએ ચડાય—સુખી

ગત

ગરેસા ગરેસા સારે ગમ પધ નીસા નીધપ મગરેસા.
રેસાની રેસાની ધધ-સાનીધ સાનીધ પપ
નીધપ નીધપ મમ-ધપમ ધપમ ગગ
પમગ પમગ રેરે-મગરે મગરે સાસા
ગરેસા ગરેસા નીની સા—સુખિ

---

* સંતોષ વિષે.

સુખનો માર્ગ.

પીલુ.

નથી સુખ સરવે આ ધન દોલતમાં સમાયું—
કદી હૃદય સુખ તનમન જાણે પણ
ઝાકળ બિંદુ પથરાયું;
ખરાં સુખની બાંધણી માંહે, ખોટું મોતી પરોવાયું-**નથી**
ખરાં સુખની ખાયશ કર તો,
દીન જનની, પીડ હરની, સુખ થરની, ભાંત ચણની
ખરી કરણી, મન ગણની!
જીંદગી જોગવ, વૈભવ ભોગવ;
આ સંસારે...ગાયું!—**નથી**

---

* સાચાં સુખ વિષે.

દશાના દમામો.†

ભેરવી.

ખિલી જે કળી સવારે સાંજે તે ખરે ખરી જશે,
ઉગ્યો રાવ તે નક્કી આથમી જશે રે—ટેક
ઉંચે ચડી જે પડી તે નીચે પડી જશે,
દશાના દમામો ન ધાર્યા દખી જશે રે—૧
વેળાની જે વાદળી, ચડી ચડી ઢળી જાય;
દશારંગ સંસારમાં, પળક પળક પલટાય!...૨

સંપનો વૈભવ.*

સોરઠ પદ (કાંઇ નથી સુખ) રાગ

મેં ન દીઠું સુખ સધન ધનમાં,
વર તણો વૈભવ ભવવનમાં;
પંખિઓ સુખી વસે વનમાં.——ટેક૦
સાહ્યબી શી સંપત્તિમાં છે?
શાન્તિએ કઇ સંતતિમાં છે?
પંખિઓ કઇ આપત્તિમાં છે?
સંપને વૈભવે સુખિયાં છે,
કલેશ કાંટાએ દુઃખિયાં છે. જર જગ-જીવનમાં—મેં.

† હાલત વિષે.

* સંપથી થતાં સુખ વિષે.

ઘડિયાળ.

ઘડિઆળ ઘડી પળ ચાલી બરાબર સરખો વખત બતાવે,
નિયમ ચુકે નહિ જરા કદિ, સૂરજ ગતિ સરખાવે—ટેક૦
ટણકાર કરીને સાઠ મીનીટે, એક અવર સમજાવે;
આઠ પહોર ચોવિશ અવરમાં, દીન રાત લાવે—ઘડિ૦
થાકયા વિણ કામ ચલાવે;
કંટાળે પણ નવ આવે;
નિયમવંત ફત્તેહ મેળવતાં, એમજ દર કામે—ઘડિ૦

ફુવારો

બિહાગ—(અનુભવવું આપણે) રાગ.

મધુવનના રંગમાં
સનનન ઉડી જળ છાંટું ગગનમાં—સન૦
સુરજ કિરણમાં મળીને ચમકું,
છાંટ રૂપેરી ફુવારે ઝળકું;
મનહર ગુલ ફુલ સંગમાં—મધુવન૦
ચોગરદમ શિતળતા આપું, લિલોતરી વેલા બહુ થાપું;
ગરમી હું નમી નમીને કાપું, ઉડતાં રંગમાં—સનનન-મધુ

મહેનતનું ફળ. *

પીલુ–(કયસે હમરી) રાગ

નિત ખંત અને ઉદ્યોગ વિના, ફળ કેમ કહોની મળે?
વરસાદ વીતિ જાય પછી ખેતર ખેડાય;
વાવણી શી રીતે થાય–બીજ ફળે–નિત
વાવે કોઇ વરસાદ સમે, ધરતીએ ઝમે;
નક્કી પાક સરસ નીપજે
મહેનત કદી ના ટળે;
વખત વીતે પછી ન ફળે જન આ જીંદગી બધી બગડે–નિત

ઉદ્યોગ.

ખમાચ (અલબેલો સૈંયાં)

ખિલે છે ડાળે, ફૂલ પછી ફળ આ (૨) ટેક૦
ગાજે પછી વરસે ગગનેથી;
મેઘ ભૂમિ તળમાં–ખિલે છે૦
ઉદ્યમ સાથે ભાગ્ય જડયું છે;
યત્ન કરો વળતાં–ખિલે છે૦

* મેહનતનું ફળ મેળવવા વિષે.

વતનનો પ્રેમ.

જીલ્લા પદ (ધર્મ ધુરંધર ધીરવીર નૃપ) રાગ

વતન વિણુ જળ હીણુ મીન, જેમ જીવ વિના તન જાણુ;
જન્મ ભૂમિ જોતાં તલપે મન, ગવિ ઉત્પલ્લ સમાન-૧
દેશ, ભૂમિ પંખી જળ, તરૂવર સમ પ્રિય સુધા ન પાન;
પર્ણકુટી પણ ખેંચે તન મન, પ્રદેશ મહેલ પ્રયાણુ-૨
રાજધાની ને અચળ અમલ સુખ પ્રદેશમાં ન પ્રમાણુ;
ખંડિયેર પણ વતન સુખ છે, સ્વર્ગ સમાન સુજાણુ-૩
વિપદ વાટમાં વતન ઘાટનું સ્મરણુ સદા ચિત્ત માન;
તરસ્યો સરિતા જળ શોધે તેમ વતન ઘાટ ચ્હે માન-૪
સુખ દુઃખમાં નિજ વતન સાંભરે, જન્મ ભૂમિ જગ જાણુ;
વતની કૂતરૂં પ્રદેશમાં પણ લાગે સંબંધી સમાન-૫
કુટમ્બીજન કંગાળ છતાં મળવા મન તલ્પે પ્રાણુ;
અજબ સૂખ જગ વતન વાટનું, અનુભવ વિણુ અજાણુ-૬
અભાગિયો જે હશે જગતમાં, ભૂલે ભૂમિનું ભાન,
જીવન જાય જમ શરણુ થાય પણ વતન આપ ભગવાન-૭

મૂરખને ઉપદેશ.

ધન્યાશ્રી પદ (વૃથા કર્યો જન્મ) રાગ

મૂરખને બોધ વૃથા જાણો;
પંકજપર જળ પરમાણો—ટેક૦
તાપે તપેલાં લોખંડપર જેમ, રહેશે ના જળદાણો;
તે જળ બિંદુ છીપ પડે તો, મુકતાફળ મળે જાણો
મુરખને

સતકારજ.

દેશ—(મારા હૈયા કેરા હાર)—રાગ

સત કારજનાં ફળ સાચ જગતમાં સદા અમર રેહેશે—ટેક.
માટીમાં ફુલડાં જઇ મળશે, કદી સુગંધી નહિ પરહરશે;
સદ્‌ગુણ સાચો નકી સુધા સરખો અચળ રહેશે રે—સત
તેમ જગતમાં શુભ કામોની, યાદ સુગંધી રહે સદાની;
કરશે ઉત્તમ કામ જગતમાં અખંડ તો રહેશે રે—સત

કેળવણી.

પદ.

કેળવણી કર તું તારી, ફળશે તે ન્યારી ન્યારી—
સંગ્રહ કરી સાચવ ભારી, મન સુખ દેશે તનસારી—
ભવ પટમાં એ ફળનારી,
આશાની એ અધિકારી;
અનુભવથી જો તું નિહાળી—
શાખામણ મન ધર ધારી—કેળવણી.

શીખામણના બે બોલ!

ભેરવી.

સારી શીખામણ મન પર ધરશો,
મોજ મઝા સૌ કરશો—
રમત ગમતમાં રઝળી રહેશો—
તો જગમાં ખર ઠરશો રે—મોજ.
મહેનતનું ફળ નકી મળે છે, મન દઈને જો ભણશોરે;
સુખી થઈને હરશો ફરશો, ધન-ખેતરને લણશોરે-મોજ

બાળ—બાગ.

ગરબી.

સખી બાળબાગમાં કુસુમ—કળી ખિલી રહી;
વિવિધ જાત-ભાતની સુગંધમાં મળી રહી—
કુદરતી રંગે રચેલી, ચુંટવા બાળા મચેલી;
વેલા અને ફૂલ પાનથી વેલડીયો ઝુલી રહી—સખી.

સાખી.

અરસ પરસ મળી આપણુ, કરીએ રૂડાં કામ,
હુન્નર ધરીયે હાથમાં, દીપે સ્ત્રી કેળવણી નામ,
મનહર સુંદર હુન્નર કર ધારીને,
સજની સહુ આવો——
નાજુક હાથે બનાવો-કારગીરી આ બતલાવો
તન મનમાં ના શરમાઓ—
પંખા ચક્કર ટોપલી સુખકર રાખીએ
કંઇ નાખીએ, શુભ ભાખીએ—
રચના ગુણ ગાઓ—**મનહર.**

તાર !†

પીલુ-(સૌ સંપે રહીએ)-રાગ.

ઝનનન કરતો જાઊં!
પલક એકમાં પહોંચાડું ખબરો લાખો ગાઊ-ઝનનન૦
ઇંગલંડ, અમેરીકા જાઉં!
કેપ ગુડ નાતાલ જણાવું;
હિંદુસ્તાને સપાટે આવું!
ભાવ, તાલ ખુશ ખબર જણાવું!
કદિ નહિ અચકાઉં! ઝનનન૦
તાર ઉપર જીવતર છે મારૂં,
હવે થશે વાયુ તન પ્યારૂં:
અધર જઈશ આવીશ અધાર્યું,
તરત ખબર લાવીશ સૌ સારૂ;
જન્મીશ ફરી વારૂ! ઝનનન૦

---

† ચંત્રકળાની ખુબી વિષે,

સુખડ.*

ઝિંઝોટી—(ઉડી મન જા)—રાગ.

સુગંધી નહિ કદી ચંદન છોડે
બાળે ભસ્મ કડકા કરી તોડે—ટેક
જેમ પિલાય શેરડી સંચે;
શુદ્ધ મિઠાશ ન છોડે—સુગંધી
તેમ સજન નિર્ધન પણ થાયે;
વાસ ખવાસ રહે જોડે—સુગંધી

દીવો.†

(ભૈરવી.—હસીછદ (ગઇ ગુજરીને યાદ) રાગ.

ઝળહળતો દીવો અજવાળું તેલ વડે તો આપે છે;
બાળક પણ અક્કલથી જગમાં, અંધાર બહુ કાપે છે.
જેમ ચમકે લોઢું વાપરતાં, કાટ નજીક ન આવે છે;
બાળક બુદ્ધિને વાપરતાં, શુદ્ધ વિચાર બતાવે છે.
દીવો દે અજવાળું પણ કાજળને સાથે લાવે છે;
સૌ સદ્‌ગુણ એક અવગુણ તજે તો જગમાં ફાવે છે.

* વિચારવંત ને કૂળવાન માણસ સદ્‌ગુણ છોડે નહિ તે વિષે.
† બાળકોએ દરરોજ કંઇ ને કંઇ જ્ઞાન મેળવીને, સદ્‌ગુણી થવા વિષે.

કિન્ડરગાર્ટન રૂઢીનો વિજય?*

યમન–કલ્યાણ.

બાળ રમત ગમ્મત સુંદર, ચાલ નિરખ **બાળ બાગ**
પેસ્ટૉલૉઝી કૃત ગુંથણી, વિરાજીત શોભિત શી?—
પ્હેલી પ્હેલ–કીધી સ્હેલ;
સૌ કળબથી જોયું જેણે, અજવાળું કંઇ પાડયું એણે;
નવલ રૂઢી આ ન્યાળી તેણે, પણ અદકું નવ માન—
ગણુતર અતી સરસ ગણી.
ફ્રૅબલે વિચારી સુધારી–દુર્બિન ધારી, મતિવાળી
સરળ સફળ કરી સહુ નવલ રૂઢી ન્યાળી—**ગણુતર**
હરબાર્ટે ચણુતર, કરી આ ભણુતર, ઘરઘર આગળ સુખકારી
કિન્ડરગાર્ટન બતાવી બાળને હસાવી રમાડી
સ્હેલી સ્હેલી રૂઢી વ્હેલી શીખ્યાં પહેલી—
આ હા. હા. હા. હા. હા. હા. હા. (૩) બાળ

---

* કિન્ડરગાર્ટન રૂઢીના કર્ત્તા, અને તેનાં કામ વિષે.

નામદાર શહેનશાહ જ્યૉર્જ પાંચમા અને મહારાણી મેરીના, હિન્દમાં દિલ્હી દરબારના આવાગમન પ્રસંગે, મુંબઇની જુદી જુદી કોમની બાળાઓએ ગાયલી રાજ ગરબી.

મુંબઇની રોયલ રીસેપ્શન કમિટીની ખાસ ફરમાસથી

ઝિંઝોટી—દાદરો.

જુગ જુગ જીવો જ્યૉર્જ તું, મેરી સહિત મહારાજ;
ભલે પધાર્યાં ભાવથી, હરખી હીંદ સમાજ! ૧.

ધર્મ ધુરંધર ધીર વીર જગ જય જય હીંદપતી;
ચક્રવર્તી નૃપ! અમલ અમર રહો, ભારત જન વદતિ!
વિજયી માત વિક્ટોરિયા સમી કળા રહો ચડતી,
એડવર્ડ સમ શાન્તિ સદા રહો, બ્રિટીશ ધ્વજા ઠરતી! ૨.

રક્ષ તું પ્રભુજી! શહેનશાહ **જયૉર્જ** પાંચમા;
શહેનશાહબાનુ **મેરી** સંગે, **વધાવીયે** કુસુમે-
અખંડ ભક્તિ ભાવમાં. ૩.

તાજ ધરો હિત **હીંદનો, જઇ દિલ્હી દરબાર;**
યાદ રહે **ઇતિહાસમાં,** જળ થળ જય જયકાર! ૪.

હીંદ-શહેનશાહ **જયૉર્જ જીવજો** બહુ બહુ,
શહેનશાહબાનુ **મેરી** સહુ **સુખ ભોગવો** સહુ!
જ્યાં જ્યાં **રવિ** કીરણ હોયે, ત્યાં ત્યાં તુજ **તેજ** સ્હોયે;
અવિચળ **પદ** ઇંદ્ર જેમ, **મેરૂ** સમ **અડગ** રહો! ૫.

હીંદ પતિ **જયૉર્જ** અને મહારાણી **મેરીને** શીશ નમાવો—
મંગળ ગીત હળી મળી ગાઓ,
સજની લહો સુખભર લ્હાવો;
અવસર રૂડો અતી આવ્યો,

સફર સફળ થાઓ, વિઘન સકળ જાઓ;
વિજય વધુ ફેલાઓ, જગતમાં, હર વખ્તમાં, નિજ તખ્તમાં-
જય જય જય થાઓ—**હીંદપતિ—રક્ષ તું.** ૬.

વ્હેવેલીયન—
મુંબઇ જુના પ્રદર્શનના મંડપમાં
તા૦ ૪-૧૨-૧૧.

ગો. ક. દેલવાડાકર-
(કિન્ડરગાર્ટનીસ્ટ.
મુંબઇ)

ગુણીજન.

ભેરવી.

ગુણીજન વાવેછે ગુલાબ, નહિ કાંટા તો લેવાને;
સુગંધ મનહરણી મેળવતા, મન—સુખ દેવાને—ટેક
કોઇ મૂરખ બાવળ વાવે,
કાંટા લઇ પરડા ચાવે;
સંતજનો સત—ગુલાબ વાવે સુગંધ ભરવાને—
આ કર્મ તણા કંટક ત્યાગે, ભવ—સાગર તરવાને—સુગંધ

રાજ ગીત.

"રક્ષ દેવ તું શહેનશાહ,
બહુ જીવજો શહેનશાહ;
રક્ષ દેવ શહેનશાહ—૧.
એમને કર જયવંત મસ,
દે શુભ કીર્તિ ને યશ;
લંબાવ બહુ રાજ વર્ષ,
રક્ષ દેવ શહેનશાહ."

God Save the King.

હલવાડકર સિરિઝ.

	"બાળ–ગ્રંથાવળી નં૦ ૧ થી ૨૦,"	રૂ.	આ.	પૈ.
A	કિન્ડરગાર્ટન શિક્ષણ પદ્ધતિ નથી.........	૦	૪	૦
૧.	કિન્ડરગાર્ટન વાંચન માળા મૂળ ભાગ (સચિત્ર)	૦	૩	૦
૨.	કિન્ડરગાર્ટન વાંચન માળા—(પ્હેલી–ચોપડી..	૦	૨	૦
* ૩.	કિન્ડરગાર્ટન ભાગ ૧ થી ૩ દરેકના (ત્રીજી આ.	૦	૪	૦
† ૬.	બાળ કસરત ભાગ ૧ (સચિત્ર) ત્રીજી આવૃત્તિ	૦	૨	૦
A ૬.	બાળ કસરત ભાગ ૨ જો..................	૦	૨	૦
૭.	શિશુશિક્ષણ (સંક્ષિપ્ત કવિતામાં)(નવી આવૃત્તિ)	૦	૪	૦
† ૮.	બાળ કહાણિયો (બીજી આવૃત્તિ...	૦	૨	૦
† ૯.	બાળ બાગ ભાગ ૧-૨ દરેકના (ત્રીજી આવૃત્તિ)	૦	૪	૦
૧૧.	કિન્ડરગાર્ટન પાઠમાળા (વાંચન--પદાર્થ પાઠ)	૦	૨	૦
૧૨.	બાળ શિક્ષણ ગરબાવળી (સ્ત્રી ધર્મ શિક્ષણ)	૦	૪	૦
૧૩.	સંગીત સતીમંડળ (સ્ત્રી ધર્મનીતિ જ્ઞાન)	૦	૪	૦
*૧૪.	બાળ-ખેલ (સચિત્ર કિન્ડરગાર્ટન ત્રીજી આવૃત્તિ	૦	૫	૦
૧૫.	બાળકોની રંગભૂમિ (નાનાં નાટકો નવી આવૃત્તિ	૦	૨	૦
૧૬.	બાળ જ્ઞાન (સૃષ્ટી પદાર્થ શિક્ષણ) નથી......	૦	૨	૦
*૧૭.	બાળ ગીત (હાવ ભાવ સહિત) બીજી આવૃત્તિ	૦	૨	૦
૧૮.	કિન્ડરગાર્ટન—પદાર્થ પાઠ.................	૦	૨	૦
૧૯.	કિન્ડરગાર્ટન ડ્રોઇંગ બુક ભાગ ૧.........	૦	૨	૦
૨૦.	કિન્ડરગાર્ટન ડ્રોઇંગ બુક ભાગ ૨—........	૦	૨	૦

* આ પુસ્તકો, સરકારી ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં 'ટેક્સ્ટબુક' તેમજ 'ઇનામ લાઇબ્રરી' તરીકે વાપરવા માટે સરકારી કેળવણીખાતાં તરફથી મંજુર કરવામાં આવ્યાં છે.

† આ પુસ્તકો, શાળાશિક્ષકોના ઉપયોગ માટે તથા ઇનામ-લાયબ્રરી માટે મંજુર થયાં છે.

રચનાર—ગોપાળજી કલ્યાણજી હલવાડકર,

માણેક બીલ્ડીંગ ગિરગામ બેક રોડ:—મુંબઈ.